## 1. માંગ વિધેય એટલે શું ?

- માંગ વિધેય વસ્તુ કે સેવાની માંગ અને તેને અસર કરતાં પરિબળો વચ્ચેનો કાર્યકારણ સંબંધ રજૂ કરે છે. - વ્યક્તિગત માંગનું ગાણિતિક વિધેય નીચે મુજબ છે :

  Dx = f(Px, Py, Pe.T, Y,U)

  જ્યાં,

Dx.

= વસ્તુ xની માંગ,

Px

= વસ્તુ ની કિંમત,

Py

= સંબંધિત વસ્તુ અની કિંમત,

Pe

= ભવિષ્યની અપેક્ષિત કિંમત, f = વિધેય સૂચક સંજ્ઞા, T = ગ્રાહકની રૂચિ અને પસંદગી Y = ગ્રાહકની આવક, U. = અન્ય પરિબળો - અન્ય પરિબળો સ્થિર ધારી લેવામાં આવે, તો વ્યક્તિગત માંગનું વિધેય નીચે મુજબ મળે છે :

Da

= f(

Px

). અર્થાત્ કોઈ વસ્તુની માંગ તે વસ્તુની કિંમતનું વિધેય છે.

## 2. અવેજી અસર એટલે શું?

- કોઈ એક વસ્તુની અવેજી તરીકે ઉપયોગમાં લેવાતી વસ્તુની કિંમતમાં થતા ફેરફારની આપેલ વસ્તુની માંગ પર થતી અસરને અવેજી.અસર કહેવામાં આવે છે, અવેજી વસ્તુની કિંમત ઘટે તો મૂળ વસ્તુને બદલે ગ્રાહક અવેજી વસ્તુ વધુ ખરીદે છે. તેથી મૂળ વસ્તુની માંગ સંકોચાય છે. આથી ઊલટું અવેજી વસ્તુની કિંમત વધે તો મૂળ વસ્તુ માટેની માંગનું વિસ્તરણ થાય છે.

## 3. ગિફન વસ્તુ એટલે શું?

- ગિફન વસ્તુઓ એટલે એવી વસ્તુઓ કે જેની કિંમતમાં ઘટાડો થતાં તેની માંગમાં પણ ઘટાડો થાય છે, આવી વસ્તુઓ અન્ય વસ્તુઓની તુલનામાં હલકા પ્રકારની હોય છે. જેમ કે, શુદ્ધ ઘીની સરખામણીમાં વનસ્પતિ ઘી હલકા પ્રકારની આ પ્રકારની વસ્તુઓ ઊંચી ગુણવત્તાવાળી વસ્તુઓની તુલનામાં સસ્તી હોય છે. જેથી ગરીબ વર્ગ ખાવી વસ્તુઓનો વપરાશ વધુ પ્રમાણમાં કરે છે.
- આ પ્રકારની વસ્તુઓનો ખ્યાલ સર રૉબર્ટ ગિફને વિકસાવ્યો હોવાથી તેને ગિફન વસ્તુઓ પણ કહે છે. ગિફન વસ્તુઓના ભાવ ઘટતાં ગરીબ વર્ગની વાસ્તવિક આવક વધે છે. તેથી તેઓ હલકા પ્રકારની વસ્તુની માંગ ઘટાડી અવેજીમાં સારી વસ્તુઓ ખરીદે છે, પરંતુ હલકા પ્રકારની વસ્તુના ભાવ વધતાં તેમની વાસ્તવિક આવક ઘટતાં પોતાની જરૂરિયાતો સંતોષવા ગિફન વસ્તુઓની માંગ વધારે છે.

4. માંગની મૂલ્યસાપેક્ષમતા એટલે શું ?

- વસ્તુની કિંમતમાં થયેલ ફેરફારને પરિણામે વસ્તુની માંગમાં જે ફેરફાર થાય છે. તેની સમજતી માંગની મૂલ્યસાપેકાતા આપે છે, કે કોઈ પણ વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં તેની માંગના પ્રમાણમાં કેટલો ફેરફાર થાય છે, તે દર્શાવતા પ્રમાણાત્મક સંબંધને 'માંગની મુલ્યસાપેક્ષતા' કહેવામાં આવે છે, માંગની મૂલ્યસાપેક્ષતાનો ખ્યાલ કોઈ વસ્તુની માંગ તેની કિંમત પરત્વે કેટલી સંવેદનશીલ છે તે દેશવિ છે.
- માંગની મૂલ્યસાપેક્ષતા માપવા માટેનું સૂત્ર નીચે પ્રમાણે છે : માંગની મૂલ્યસાપેક્ષતા = વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર / વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર માંગની મૂલ્યસાપેક્ષતાનું માપ શુદ્ધ અંકમાં દર્શાવાય છે. તેથી તે કોઈ પણ પ્રકારના એકમથી મુક્ત છે.

5. પ્રતિષ્ઠા મુલ્ય વસ્તુ એટલે શું?

- જે વસ્તુઓનું વપરાશ મૂલ્ય ઓછું છે અને વિનિમય મૂલ્ય ઊંચું છે. તેવી હીરા, મોતી, સોનું, ચાંદી જેવી વસ્તુઓ ધનિકો માટે પ્રતિષ્ઠા મુલ્ય ધરાવતી વસ્તુઓ ગણાય છે. આવી વસ્તુઓ મોંઘી હોવાથી તેનો વપરાશ ધનિક વર્ગ જ કરે છે. જેમ આવી વસ્તુઓ માંથી બને છે તેમ તેનું પ્રતિષ્ઠા મૂલ્ય વધે છે. તેથી ધનિકો તેની માંગ વધારે છે. જો આવી વસ્તુઓના ભાવ ઘટે, તો તેની માંગ ધનિકો ઘટાડી દેશે.

6. કોઈ સમય દરમિયાન ગ્રાહકની માસિક આવક રૂ. 8000 થી વધીને 10,000 થઈ. આ સમય દરમિયાન કોઈ વસ્તુ માટે ગ્રાહકની માંગ 25 એકમ થી વધીને 30 એકમ થાય છે તો તે વસ્તુ માટે તેની માંગની આવક સાપેક્ષતા શોધો.

- માંગની આવક સાપેક્ષતા = 0.8

7. કોઈ વસ્તુ માટે તેની માંગની અનુસૂચિ નીચે મુજબ છે, તો કુલ ખર્ચની રીતે તે વસ્તુની મૂલ્યસાપેક્ષતાનું અર્થઘટન લખો.

| | | |
|---|---|---|
| કિંમત (રૂ.માં) | 16 | 20 |
| માંગ (એકમમાં) | 40 | 25 |

- આપેલ અનુસૂચિ મુજબ બંને કિંમતો માટે કુલ ખર્ચ મેળવીશું.

| કિંમત (રૂ.માં) | માંગ (એકમમાં) | કુલ ખર્ચ (રૂ.માં) |
|---|---|---|
| 16 | 40 | 640 |
| 20 | 25 | 500 |

- અહીં, વસ્તુની કિંમત 16થી વધીને 20 થાય છે, ત્યારે વસ્તુ પર થતા કુલ ખર્ચમાં ઘટાડો થયો છે. તેથી માંગની મૂલ્યસાપેક્ષતા એકમથી ઓછી મૂલ્યસાપેક્ષ છે.